# President of Maldives Calls on the President

# માલદિવનાં રાષ્ટ્રપતિ ભારતનાં રાષ્ટ્રપતિને મળે છે

02 ઓગસ્ટ, 2022

માલદિવ ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમાન ઈબ્રાહિમ મોહમદ સોલિહ દ્વારા આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રોપદી મુર્મુની મુલાકાત લેવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ ભવન ખાતે માલદિવનાં રાષ્ટ્રપતિનું સ્વાગત કરતા, ભારતનાં રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે તેણી ભારતનાં નિકટનાં મિત્ર અને પ્રખ્યાત નેતા જેઓની આગેવાની હેઠળ માલદિવ એક સ્થિર અને સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે તેઓને આવકારતા હર્ષ થયો હતો.

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે માલદિવ હિદ મહાસાગર પ્રાંતમાં ભારતનો એક મોટો ભાગીદાર અને નિકટનો મિત્ર દેશ છે. બન્ને દેશનાં લોકોએ સદીઓથી મજબૂત સાંસ્કૃતિક, આર્થિક અને વ્યાપારી જોડાણોનો આનંદ માણ્યો છે. માલદિવ ભારતની 'પાડોશીઓ પ્રથમ નીતિ' માં એક વિશેષ સ્થાન ધરાવે છે. તેણી તે બાબતની નોંધ લેતા આનંદિત હતા કે ભારતની જરૂરિયાત આધારિત આર્થિક અને વિકાસ સહાયતા માલદિવ સરકારની વિકાસની પ્રાથમિકતાઓને સહાય કરી રહી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ભારત-માલદિવ વિકાસ સહકાર, સંરક્ષમ અને સુરક્ષાની પહેલ, આર્થિક જોડાણો અનો લોકોનાં પરસ્પરનાં સંપર્કનાં ઝડપી વિસ્તરણથી માલદિવની સરકાર અને લોકો સાથેનાં ભારતનાં સંબંધ માટે સારી શુભકામનાઓ છે. તેણીએ કોવિડ-19 મહામારી દરમિયાન માલદિવની સરકાર અને લોકોની હિમત અને સામનો કરવાની ક્ષમતાની પ્રશંસા કરી હતી. તેણી તે બાબતની નોંધ લેતા આનંદિત હતા કે મહામારી દરમિયાન મજબૂત ભારત-માલદિવ સહકારને સમગ્ર પ્રાંત માટે એક નમુના તરીકે વખાણવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિએ નોંધ લીધી હતી કે ક્ષમતા નિર્માણ ભારત-માલદિવ ભાગીદારીમાં એક મોટા સ્તંભ તરીકે ઉભરી આવ્યો છે. તેણીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરવામાં આવેલા એમઓયુ માલદિવમાં ક્ષમતા નિર્માણની પહેલને વધારે મજબૂત કરશે.

**નવી દિલ્હી**
**02 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.